ક્રમાંક: માવિ.૬/ઈન્ટરેસ્ટ ટેસ્ટ/૨૦૧૯/૨૩૯૯૨-૬૪૧૨૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા.૨૦/૦૩/૨૦૧૯

**પ્રતિ,**
**આચાર્યશ્રી,**
**સરકારી, ગ્રાન્ટેડ,**
**મા. અને ઉ.મા. શાળાઓ તમામ,**
**બનાસકાંઠા જિલ્લો**

વિષય: ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન માટે એપ બેઈઝડ ઈન્ટરેસ્ટ ટેસ્ટનું આયોજન અને અમલીકરણ બાબત.
સંદર્ભ:ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯ /૧૫૦૮-૪૧ તા.૧૬/૦૩/૨૦૧૯ અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, તા.૧૨/૦૨/૨૦૧૯ના રોજ બાયસેગના માધ્યમથી ધો-૧૦ના વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે માર્ગદર્શન માટે શ્યામચી આઇ ફાઇન્ડેશન (SAF) એક્ષપર્ટ ગૃપ દ્વારા માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષકોને તાલીમ આપવામાં આવેલ છે.

રાજ્યની સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક શાળાના ધો-૧૦ના વિદ્યાર્થીઓની કારકિર્દી માર્ગદર્શન માટે એપ બેઈઝડ ઈન્ટરેસ્ટ ટેસ્ટનું આયોજન શાળાકક્ષાએ તા.૨૫/૦૩/૨૦૧૯ થી તા.૩૦/૦૩/૨૦૧૯ દરમ્યાન શાળાએ પોતાની અનૂકુળતા પ્રમાણે આયોજન કરવાનું રહેશે. ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓ આ ટેસ્ટમાં હાજર રહે તેવી વ્યવસ્થા શાળાએ કરવાની રહેશે. શ્યામચી આઈ ફાઉન્ડેશન (SAF) એક્ષપર્ટ ગૃપ દ્વારા મળેલ વિગતો આ ટેસ્ટ માટેના કેટલીક સૂચનાઓ અને સમયપત્રક આ સાથે સામેલ છે.

1. પરીક્ષક તરીકે શાળામાં ઓછા એક આધુનિક ટેક્નોલોજીના જાણકાર (ટેક્નોસેવી) વ્યક્તિની નિમાણુક કરવી.
2. ધો-૧૦ના વિદ્યાર્થીઓની કારકિર્દી માર્ગદર્શન માટેની ટેસ્ટના સમય દરમ્યાન જ શાળામાં એન્ડ્રોઈડ મોબાઈલની મંજૂરી આપી શકાશે.
3. ગૂગલ પ્લે સ્તોરથી એન્ડ્રોઈડ મોબાઈલ પર "ગુજરાત કેરીયર મિત્ર" એપ્લિકેશન ડાઉનલોડ કરવી.
4. પરીક્ષા પહેલા એક દિવસ તમામ પરીક્ષક ઉપકરણો (મોબાઈલ) પર એપ્લિકેશન ડાઉનલોડ કરી ચકાસણી કરવી.
5. એપ્લિકેશન ડાઉનલોડ પ્રથમ લોગિન અને ડેટા અપલોડ સમયે ઈન્ટરનેટની જરૂર પડશે એટલે કે માત્ર બે વખત, આનો અર્થ એ થાય કે ઓફલાઈન પરીક્ષા તમે તમારા પ્રથમ લોગિન સાથે વિદ્યાર્થીની સૂચિ ડાઉનલોડ કરો તે પછી શક્ય છે.
6. ૧૦ વિદ્યાર્થીઓ દીઠ એક મોબાઈલ ઉપકરણ હોવું જોઈએ.
7. કોઈ વિદ્યાર્થી એક થી વધુ વખત પરીક્ષણ માટે હાજર ન હોવો જોઈએ.
8. તમામ વિદ્યાર્થીઓના ડેટા તા.૦૩/૦૪/૨૦૧૯ સુધીમાં અપલોડ કરવાનું સુનિશ્ચિત કરવાનું રહેશે.

**સમય પત્રક:-**

| તારીખ | પ્રવૃતિ |
|---|---|
| ૨૫ માર્ચ ૨૦૧૯ | એપ્લિકેશન અને શાળા નોંધણી ડાઉનલોડ કરવી |
| ૨૫ માર્ચ ૨૦૧૯ | બધા ઉપકરણો પર એપ્લિકેશન ડાઉનલોડ કરો |
| ૨૫ માર્ચ થી ૩૦ માર્ચ ૨૦૧૯ | ટેસ્ટ એક્ઝેક્યુશન, ડેટા અપલોડ કરો |
| ૩ એપ્રિલ ૨૦૧૯ | ડેટા અપલોડની પુષ્ટી કરો |

ઉપરોક્ત સુચના અને સમયપત્રક ધ્યાને લઈ આપની શાળાના ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન માટે એપ બેઈઝડ ઈન્ટરેસ્ટ ટેસ્ટનું આયોજન અને અમલીકરણ સારી રીતે થાય તે અંગે આપની કક્ષાએ કાર્યવાહી કરશો.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર